હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

અલ્યા, હવે આ બાંકડા પર છત્રી મુકાવી આપવાનો વાયદો કરે તેવા કોર્પોરેટરને જ વોટ આપવાનો....

સેકટર-૭ કોર્નર પાસેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના એસટી ડેપો નજીક સેકટર-૭ ના કોર્નર પાસેથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. શહેરના સેકટર-૩૦ ખાતે રહેતા હર્ષદકુમાર અમૃતલાલ ત્રિવેદી (ઉં.વ.૪૫) પશ્ચિમ રેલ્વે અમદાવાદ કાલુપુર ખાતે સીબીસીમાં નોકરી કરે છે. ગત તા.૧૨ જુલાઈના રોજ તેઓ પોતાનું એકટીવા નં.જી.જે.૦૬. એફ.બી.-૦૬૪૨ નંબરનું એકટીવા લઈને આવ્યા હતા. સેકટર-૭ કોર્નર પર એકટીવા પાર્ક કરીને તેઓ બસમાં કાલુપુર નોકરી જવા માટે બસમાં નોકરી ગયા હતા. સવારે ૧૧ વાગે ગયેલા હર્ષદભાઈ સાંજે પરત ફર્યા હતા ત્યારે એકટીવા ગાયબ હતું.થોડા દિવસ બાદ એકટીવાની શોધખોળ કર્યા બાદ તેમણે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં એકટીવા ચોરીની ફરીયાદ નોંધાવી છે જેને પગલે પોલીસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગરમાં ચાતુર્માસ માટે પધારેલા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભ સુરિ મહારાજ સાહેબે રવિવારે તેમના પ્રવચનમાં કહ્યું હતું કે, 'આજના ભૂલકાંમાં આવતી કાલની ભવ્યતા છુપાયેલી છે.' પોતાની મસ્તીમાં મશગુલ થઈને બગીચામાં કબડ્ડી રમતાં આ બાળકોને જોઈને તેમની વાત યાદ આવી જાય. રાગ, દ્વેષ, ઈર્ષ્યા, ખટપટ, લોભ, લાલચ, ક્રોધ, અહંકાર વગેરે જેવી દુનિયાદારીની વાતોથી અજાણ આ બાળકોની નિર્દોષતા જો આપણે જાળવી શકીએ તો આવનાર સમય વધુ સોહામણો બની શકે અને સ્માર્ટ ફોનના યુગમાં પણ ભારતની ઘર આંગણાની દેશી રમત રમતાં બાળકોના ચહેરાં પર જે આનંદ વર્તાઈ રહ્યો છે તે જ તો સાચો આનંદ છે ખરું કે નહીં??

બૌદ્ધિક સંપદા નીતિ અંગે ગુજકોસ્ટમાં ત્રણ દિવસીય રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો

આઠ રાજ્યોની સાયન્સ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ તથા ૫૦ અધિકૃત પેટન્ટ ઈન્ફર્મેશન સેન્ટરોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા બૌદ્ધિક સંપદા નીતિ અંગે ત્રણ દિવસીય ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૫૦ જેટલાં પેટન્ટ અધિકૃતો તથા વિવિધ આઠ રાજ્યોની સાયન્સ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલે ભાગ લીધો હતો.

સમાજમાં બૌદ્ધિકસંપદા અંગે જાગૃતિ કેળવાય તે હેતુથી ગુજકોસ્ટ દ્વારા રાષ્ટ્રીય ઈન્ટેલેકચ્યુઅલ પોલિસી અંગે ત્રણ દિવસીય વર્કશોપનું ગાંધીનગર ખાતે આયોજન કર્યુ હતુ. આ વર્કશોપમાં દેશભરના આઠ રાજ્યોમાંથી સાયન્સ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલ્સ સાથે ૫૦ અધિકૃત પેટન્ટ ઈન્ફોર્મેશન સેન્ટર્સે ભાગ લીધો હતો. આ પ્રકારનો આ ચોથો વર્કશોપ હતો જેમાં અગાઉના વર્કશોપ્સ વર્ષ ૨૦૧૮માં યોજાઈ ચુક્યાં હતા. આજના સ્પર્ધાત્મક યુગમાં કોપીરાઈટના ભંગ અને ગેરઉપયોગ જેવા કિસ્સા સર્જાતા હોય છે ત્યારે તેવા સમયમાં બૌદ્ધિક સંપદાના હક્કો ખૂબ અગત્યની ભૂમિકા ભજવી શકે છે. આ સાથે બૌદ્ધિક સંપદા નીતિ સાથે સંકળાયેલી

ગુંચવણો તેને સમજવા માટે પણ અઘરી બનાવી રહી છે આ વર્કશોપમાં આઈપીઆર ડોમેઈન નિષ્ણાંત પદ્મીન બુચે ભૌતિક સંપદા અને બૌદ્ધિક સંપદા વચ્ચેનો ભેદ સમજાવ્યો હતો. તેમણે રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા નીતિને પણ સંક્ષિપ્તમાં સમજાવી હતી અને તેના વિઝન, મિશન અને અમલીકરણને ગુજરાતી ચલચિત્ર "કેવી રીતે જઈશ ?"ના ઉદાહરણ દ્વારા સમજાવ્યાં હતા. ઉલ્લેખનીય છે કે આ ચલચિત્ર પણ પાઈરસીનો ભોગ બન્યું હતુ અને તેના રિલીઝના ૧૦ દિવસમાં જ યુ-ટ્યુબ પર પોસ્ટ થઈ ગયું હતુ જેનો નિર્માતા અભિષેક જૈને સખત વાંધો ઉઠાવતા યુ-ટ્યુબે પણ તેની ભૂલ કબૂલી હતી.

વર્કશોપમાં ટીફેકના પેટન્ટ ફેલિસિટીંગ સેન્ટરના હેડ ડૉ. યશવંત દવે પન્વારે વિશ્વમાં ભારત ગ્લોબલ ઈનોવેટિવ ઈન્ડેક્ષમાં ૫૭મા સ્થાનેથી પાંચ કદમ આગળ વધીને ૫૨માં સ્થાને આવી ગયુ હોવાનું જણાવતા ભારત સરકારની નવતર સંશોધનોને પ્રોત્સાહન આપવાની નીતિની વાત કરી હતી. આ પ્રસંગે સેલ ફોર આઈપીઆર પ્રમોશન એન્ડ મેનેજમેન્ટના આસીસ્ટન્ટ મેનેજર રિનિકા ગૌરોલાએ પણ ઉપસ્થિત રહી આઈપીઆર પોલીસી અંગે જાગૃતિ અને પ્રચાર અંગે માહિતી આપી હતી.

વિઠ્ઠલ રાદડિયાને રૂપાણી અને વાઘાણીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પૂર્વ સાંસદ અને પૂર્વ મંત્રી વિઠ્ઠલભાઈ રાદડીયાના દુ:ખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી પાઠવી છે. વિજય રૂપાણીને સ્વ. વિઠ્ઠલભાઈના અવસાનના સમાચાર મળતાં જ તેમણે તેમના પુત્ર અને રાજ્ય સરકારના મંત્રી જયેશભાઈ રાદડીયા સાથે ટેલિફોનિક વાતચીત કરી સાંત્વના પાઠવી હતી અને આ વિપદા વેળાએ સધિયારો આપ્યો હતો. મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈને શોકાંજલી આપતા જણાવ્યું કે, સૌરાષ્ટ્ર સહિત રાજ્યના ધરતીપુત્રોના હિતની સદાય ચિંતા કરનારા એક અગ્રણી સહકારી આગેવાન ગુજરાતે ગુમાવ્યા છે. વિજય રૂપાણીએ સદ્ગતના આત્માની પરમશાંતિ માટે પ્રભુ પ્રાર્થના પણ કરી છે. ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ પ્રદેશ ભાજપાના દિગ્ગજ નેતા, ખેડૂત પુત્ર અને પોરબંદરના પૂર્વ સાંસદ વિઠ્ઠલભાઈ રાદડીયાના નિધન પર શોક વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા ઘણાં દાયકાથી સેવાના ભાવ સાથે જાહેરજીવનમાં કાર્યરત એવાં વિઠ્ઠલભાઈ રાદડીયાના નિધનથી ભાજપાએ એક દિગ્ગજ નેતા ગુમાવ્યા છે. ખેડૂતોના હિત માટે સદાય સક્રિય રહી વિઠ્ઠલભાઈ રાદડિયાએ સહકારીક્ષેત્રના માધ્યમથી વર્ષો સુધી સૌરાષ્ટ્ર અને ગુજરાતના ખેડૂતોની સેવા કરી છે.તેઓના નિધનથી સહકારીક્ષેત્ર અને ગુજરાતના જાહેર જીવનને ખૂબ મોટી ખોટ પડી છે. વાઘાણીએ જણાવ્યું હતુ કે, વિઠ્ઠલભાઈ રાદડીયાનો જન્મ ૧૯૫૮માં જામકંડોરણા ખાતે થયો હતો.

મોટી આદરજમાંથી ચાર શકુનીઓ ઝડપાયા

પેથાપુર પોલીસ મથકના કર્મચારીઓ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન મોટી આદરજ ગામે ટીંબાવાળા વાસના પાછળના ભાગે ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પોલીસને મળતા પોલીસે રેઈડ પાડી હતી. જેમાં પોલીસને મોટી આદરજ ગામના જ સોમાજી નટુજી ઠાકોર, સુરેશ રમતાજી ઠાકોર, કનુજી ગાભાજી ઠાકોર, મહોતજી રમણજી ઠાકોરને પકડી પાડયા હતા. પોલીસે દાવ પરથી રૂ.૬૩૦ મળ્યા હતા.જયારે જુગારીઓની અંગઝડતી લેતા રૂ. ૨૦૦૦ મળીને કુલ રૂ. ૨૬૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાતિવાદ-વંશવાદને લોકોએ જાકારો આપ્યો છે : શિવરાજ

ભાજપાના સંગઠન પર્વ અંતર્ગત ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવેલા સંગઠન પર્વના રાષ્ટ્રીય સંયોજક અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજરોજ સવારે સુરત ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું, જેમાં પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ અને સંગઠન પર્વના પ્રદેશ સંયોજક ભાર્ગવ ભટ્ટ, સહ સંયોજક અને પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા તથા સુરત શહેર અધ્યક્ષ નીતિન ભજિયાવાળા સહિતના ભાજપાના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સુરત ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યુ હતુ કે, આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જોડી રાષ્ટ્રીય સ્તરે દેશને નેતૃત્વ પુરુ પાડી સુરક્ષિત ભારત, વિકસિત ભારત, સશક્ત ભારત બનાવવા માટે સતત કાર્યરત છે. આજે સમગ્ર દેશની જનતાએ કોંગ્રેસના જાતિવાદ, વંશવાદ, પરિવારવાદને જાકારો આપી ભાજપાની 'રાષ્ટ્રવાદ' અને 'વિકાસવાદ'ની વિચારધારાને અપનાવી ભાજપા પર વિશ્વાસ મુક્યો છે. ગુજરાતની જનતાને પ્રણામ કરતા ચૌહાણે જણાવ્યુ હતુ કે, ગુજરાતના સપૂત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકાર અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી લોકકલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ અને લોકોને તેનાથી મળેલો સીધેસીધો લાભને કારણે ગત લોકસભા ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપાને જનતાનો પ્રચંડ જનાદેશ મળ્યો છે.

શિહોલીના યુવાનનો મૃતદેહ દશેલાના તળાવ પાસેથી મળ્યો

સાંજે ઘરેથી જમીને નીકળેલ યુવાનનો સવારે મૃતદેહ મળ્યો, મૃતક યુવાનના શરીર પર ઈજાના નિશાન, પોલીસ અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર તાલુકાના શિહોલી ગામનો ૨૦ વર્ષિય યુવક રવિવારના રોજ સાંજે ઘરેથી જમ્યા બાદ પોતાના મિત્રનો ફોન આવતા ઘરેથી નીકળ્યો હતો. મોડીરાત સુધી પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી, પરંતુ સોમવારના રોજ સવારના સુમારે તેનો મૃતદેહ દશેલા-ધણપ ગામ તરફ જતા માર્ગ પર આવેલા તળાવમાંથી મળી આવ્યો હતો. યુવકના શરીર પર ઈજાના નિશાનને પગલે તેના પિતાએ અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દશેલા ગામમાં ધણપ જતા માર્ગ પર આવેલા તળાવમાંથી સોમવારના રોજ સવારે દશવાગ્યાના અરસામાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. તળાવમાં મૃતદેહ નજરે પડતા એક રાહદારીએ ચિલોડા પોલીસને જાણ કરતા પોલીસ બનાવ સ્થળે પહોંચીને મૃતદેહ બહાર કઢાવીને ચકાસણી કરતા મૃતક યુવાનના ખીસ્સામાંથી આધારકાર્ડ મળી આવ્યું હતું. જેને પગલે તે શિહોલી ગામનો પાર્થ પ્રફુલકુમાર જોશી હોવાનુ સામે આવ્યું હતું. પોલીસે યુવકના પરિવારને જાણ કરી તેના મૃતદેહને પીએમ અર્થે સાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપ્યો હતો. યુવકના શરીરના ભાગે ઈજાના નિશાન મળ્યા છે અને માથાના ભાગે કોઈ પણ ઈજા પહોંચી હોય તેના નિશાન છે. એટલે યુવકને વાતોમાં રાખીને તેના પર પાછળથી હુમલો થયો હોવાનું તેમજ પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકની હત્યા પ્રેમ પ્રકરણમાં થઈ હોવાની શંકા છે. બનાવ અંગે મૃતક યુવાનના પિતા પ્રફુલકુમાર નટવરલાલ જોશીની ફરીયાદને પગલે ચિલોડા પોલીસે અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે પાર્થ જોશી સામાન્ય પરિવારનો દિકરો હતો અને મહુન્દ્રા ખાતે આવેલા પાણીના પ્લાન્ટમાં ફરજ બજાવતો હતો. રવિવારના રોજ સાંજે ઘરેથી જમ્યા બાદ મિત્રનો ફોન આવતા પાર્થ ઘરેથી નીકળ્યો હતો. મોડીરાત સુધી પાર્થ ઘરે ન આવતા તેના પરિવારના સભ્યો ચિંતિત બન્યા હતા. જો કે સવારે શોધખોળ કરે તે પહેલા જ તેના મૃત્યુની સમાચાર આવ્યા હતા. જો કે પોલીસને મૃતદેહ પાસેથી યુવાનનો મોબાઈલ ફોન મળી આવ્યો નથી, જેથી પોલીસે મોબાઈલની શોધખોળ શરુ કરી છે. અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ યુવાનની હત્યા પ્રેમ પ્રકરણ, પૈસાની લેતી દેતી કે અંગત અદાવતમાં થઈ તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

ભાજપના સભ્ય વૃદ્ધિ અભિયાન હેઠળના કાર્યક્રમોની વિસ્તૃત સમીક્ષા

અમદાવાદ,તા.૨૯

ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં આજરોજ સવારે સુરત શહેરના "પંડિત દીનદયાળ ભવન", ભાજપા કાર્યાલય ઉધના ખાતે સંગઠન પર્વ અંતર્ગત સદસ્યતા વૃધ્ધિ અભિયાનના અત્યાર સુધી થયેલ કાર્યક્રમોની સમિક્ષા તેમજ માર્ગદર્શન માટે દક્ષિણ અને મધ્ય ઝોનમાં આવતાં જીલ્લા/શહેરના અગ્રણીઓ તથા ભાજપા આગેવાનઓની સંયુક્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ અને સંગઠન પર્વના ઈન્ચાર્જ ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદેશ મહામંત્રીઓ ભરતસિંહ પરમાર, કેસી પટેલ, શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ સંગઠન પર્વના સહ-ઈન્ચાર્જ રજનીભાઈ પટેલ, મંત્રી ગણપતસિંહ વસાવા સહિતના ભારતીય જનતા પાર્ટીના આગેવાનઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ભાજપાના સંગઠન પર્વના સદસ્યતા વૃધ્ધિ અભિયાન અંગે સૌને માર્ગદર્શન આપ્યુ હતુ. તે પૂર્વે સવારે સુરતના હજીરા સ્થિત ઈચ્છાપોર ખાતે સંગઠન પર્વના રાષ્ટ્રીય સંયોજક અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ શ્રી હરિકૃષ્ણ એક્ષ્પોર્ટની મુલાકાત લઈ ૫૦૦૦ થી વધુ યુવા કર્મચારીઓ સાથે "સદસ્યતા વૃધ્ધિ અભિયાન" અંતર્ગત માર્ગદર્શન આપી વાર્તાલાપ કર્યો હતો તથા સૌ યુવા કર્મચારીઓને ભાજપાના વિકાસવાદી અને રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડી ભાજપાના સદસ્ય બનાવ્યા હતા. ત્યારબાદ "પર્યાવરણ બચાવો પૃથ્વી બચાવો" માટે ચાલી રહેલા વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત સૌએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યું હતું.

ડભોડા એમ.એચ. વિદ્યામંદિર ખાતે રમતોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાની એમ.એચ. વિદ્યામંદિર હાઈસ્કૂલના મેદાનમાં ડભોડા-ચિલોડા વિભાગ વ્યાયામ મંડળનો રમતોત્સવ યોજાયો હતો. જેમાં ખો-ખો, કબડ્ડી, વૉલીબોલની વિવિધ સ્પર્ધાઓમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. આ રસાકસીભર્યા રમતોત્સવમાં ડભોડા એમ.એચ. વિદ્યામંદિર હાઈસ્કૂલના ખેલાડીઓ ખો-ખો સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યુ હતુ. આ પ્રસંગે સુપ્રસિદ્ધ યાત્રાધામ હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા શાળામાં નવિન પાણીની પરબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાના ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ સાદરા ખાતે યોજાયેલ દોડ, કૂદ અને ગોળાફેંકમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. વિજેતા ખેલાડીઓને શાળાના ઈન્ચાર્જ આચાર્ય દલસંગભાઈ ચૌધરીએ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

કલગી ફાઉન્ડેશન દ્વારા ૩૦ દિવ્યાંગોને દિવ્યાંગ રત્ન એવૉર્ડ એનાયત કરાયા

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં સતત બીજા વર્ષે દિવ્યાંગ દિકરી કલગીના કલગી ફાઉન્ડેશન દ્વારા રાજ્યના વિવિધ ક્ષેત્રમાં નામના મેળવનાર ૩૦ દિવ્યાંગોનો દિવ્યાંગ રત્ન એવોર્ડ દ્વારા સન્માન કરવાનો અનોખો કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ, અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રમા નામના મેળવનાર ૩૦ દિવ્યાંગોને દિવ્યાંગ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દિવ્યાંગો દ્વારા અદ્ભુત પરફોર્મન્સ રજૂ કરાયા હતા, જે જોઈ ઉપસ્થિત જનમેદની આશ્ચર્યચકિત અને પ્રભાવિત થઈ ગઈ હતી. દિવ્યાંગોના આ કાર્યક્રમની બીજી વિશેષતા એ હતી કે, છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતમાં કોઈ પણ સરકાર કે સંસ્થા દ્વારા દિવ્યાંગોને સન્માન આપવાનો આવો કોઈ કાર્યક્રમ યોજાયો નથી, ત્યારે ગુજરાતની એક દિવ્યાંગ દીકરી દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. કલગી ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ ભૂષણ કુલકર્ણીના જણાવ્યા અનુસાર, ગુજરાતના દિવ્યાંગો સામાન્ય વ્યક્તિ કરતાં પણ વધુ નામના મેળવી શકે છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પદ્મશ્રી અને જાણીતા લેખક, પત્રકારશ્રી દેવેન્દ્રભાઈ પટેલ, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. હિમાંશુભાઈ પંડ્યા, પ્રો. વાઈસ ચાન્સેલર ડો.જગદીશ ભાવસાર, કેન્દ્ર સરકારના માહિતી પ્રસારણ મંત્રાલયના યુવા અધિકારી ચિરાગભાઈ ભોરણીયા તથા ગુજરાતના જાણીતા દિવ્યાંગ પ્રોફેસર અને સિંગર ઉર્વીશભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત દિવ્યાંગ રત્ન એવોર્ડમાં એવોર્ડ મેળવનારા દિવ્યાંગોનો ઉત્સાહ વધારવા માટે ગુજરાતી કલાકારો જેવા કે અરવિંદ વેગડા, રાજલ બારોટ, જીગ્નેશ કવિરાજ, મનુભાઈ રબારી, કાજલ મહેરીયા અને વિજયભાઈ સુવાળા પણ ઉપસ્થિત રહ્યા હતા.

સભ્ય વૃદ્ધિ અભિયાન મામલે આજે બેઠક

અમદાવાદ,તા.૨૯

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની એક અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં આવતીકાલે તારીખ ૩૦ જુલાઈ, ૨૦૧૯ મંગળવારના રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" કોબા, ગાંધીનગર ખાતે દિવસભર ભાજપાના "સદસ્યતા વૃધ્ધિ અભિયાન" અંતર્ગત વિવિધ બેઠકો યોજાશે. સવારે ૧૦.૩૦ કલાકે ઉત્તર ઝોનના વ્યવસાયિકો, ઉદ્યોગકારો અને અગ્રણીઓની બેઠક યોજાશે, ત્યારબાદ બપોરે ૧.૦૦ કલાકે વિવેકાનંદ યુવક મંડળના જીલ્લા સંયોજકોની બેઠક યોજાશે. ત્યારબાદ બપોરે ૩.૦૦ કલાકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની ઉપસ્થિતિમાં ગુજરાતભરની તમામ સંસ્થાઓના સીન્ડીકેટ, સેનેટ સભ્યો તથા શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા અગ્રણીઓની બેઠક યોજાશે. આ બેઠકોમાં ભાજપાના પ્રદેશ મહામંત્રીઓ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને સંગઠન પર્વના પ્રદેશ સંયોજક ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદેશ સહસંયોજક રજનીભાઈ પટેલ સહિત ભાજપાના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

ટાટા પાવર ૨૫૦ મેગાવોટ ક્ષમતાનો પ્રોજેક્ટ બનાવશે

પ્લાન્ટમાં દર વર્ષે ૬૩૫ એમયુ ઊર્જા પેદા થશે તેમજ વર્ષે અંદાજે ૬૩૫ કિલોગ્રામ કાર્બન ડાયોકસાઇડનું ઉત્સર્જન

અમદાવાદ, તા.૨૯

ભારતની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ પાવર કંપની ટાટા પાવર દ્વારા હવે ગુજરાતમાં ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતાં સોલાર પ્રોજેક્ટને વિકસાવવામાં આવશે. આ અંગે ટાટા પાવરનાં સીઈઓ અને એમડી શ્રી પ્રવીર સિંહાએ મહત્વની જાહેરાત કરી હતી કે, કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડ (ટીપીઆરઈએલ)ને ૨૫મી જુલાઈ, ૨૦૧૯નાં રોજ ગુજરાતનાં ધોલેરા સોલર પાર્કમાં ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતાં સોલર પ્રોજેક્ટને વિકસાવવા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) પાસેથી લેટર ઓફ એવોર્ડ (એલઓએ) મળ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ મે, ૨૦૧૯માં જીયુવીએનએલએ રાઘાનેસડા સોલર પાર્કમાં ૧૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતો કોન્ટ્રાક્ટ આપ્યો હતો, જેમાં ઉપરોક્ત ક્ષમતા વધારો કરશે. આ ઊર્જા વાણિજ્યિક કામગીરી શરૂ કરવાની તારીખથી ૨૫ વર્ષનાં ગાળા માટે વીજ ખરીદી સમજૂતી (પીપીએ) અંતર્ગત જીયુવીએનએલને પૂરી પાડવામાં આવશે. કંપનીએ જાન્યુઆરી, ૨૦૧૯માં જીયુવીએનએલ દ્વારા જાહેર કરેલી બિડમાં આ ક્ષમતાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. પ્રોજેક્ટ પીપીએનાં અમલની તારીખથી ૧૫ મહિનાની અંદર કાર્યરત થશે. ટાટા પાવરનાં સીઈઓ અને એમડી શ્રી પ્રવીર સિંહાએ વધુમાં ઉમેર્યું કે, અમને એ જાહેરાત કરતાં ગર્વ થાય છે કે, અમે ગુજરાતમાં ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતો સોલાર પ્રોજેક્ટ આપ્યો છે. અમને આ તક પ્રદાન કરવા બદલ અમે જીયુવીએનએલનો અધિકારીઓ અને ગુજરાત સરકારનાં આભારી છીએ. અમને સોલર પાવર જનરેશન દ્વારા સ્વચ્છ અને પર્યાવરણને અનુકૂળ ઊર્જા માટે આપણાં દેશની કટિબદ્ધતા પૂર્ણ કરવામાં પ્રદાન કરવાની ખુશી છે.

દરમ્યાન ટાટા પાવરનાં રિન્યૂએબલ્સનાં પ્રેસિડન્ટ શ્રી આશિષ ખન્નાએ જણાવ્યું હતું કે, આ કોન્ટ્રાક્ટ સાથે અમે રિન્યૂએબલ ઊર્જા તેમજ પ્રોજેક્ટ ડેવલપમેન્ટ, એન્જિનીયરિંગ અને અમલીકરણ ક્ષમતાઓ માટે અમારી મજબૂત કટિબદ્ધતા પ્રતિબદ્ધતા દર્શાવવાનું જાળવી રાખીશું. ટાટા પાવરની કુલ વીજ ઉત્પાદન ક્ષમતામાં સ્વચ્છ ઊર્જાનો હિસ્સો ૩૫થી ૪૦ ટકા કરવાનાં અમારાં પ્રયાસોમાં આ મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે. અપેક્ષા મુજબ અમારી ક્ષમતાઓ ઊભી કરવાનું ચાલુ રાખી શકીશું અને ઊંચા માપદંડો સ્થાપિત કરીશું એવી આશા છે. આ કોન્ટ્રાક્ટ મળવાની સાથે ટીપીઆરઈએલની અમલીકરણ હેઠળની ક્ષમતા ૬૫૦ મેગાવોટ થશે, જે ટાટા પાવરની કુલ કાર્યકારી ક્ષમતા ૨,૪૭૬ મેગાવોટ ઉપરાંત છે. પ્લાન્ટ દર વર્ષે ૬૩૫ એમયુ ઊર્જા પેદા કરશે અને વર્ષે અંદાજે ૬૩૫ કિલોગ્રામ કાર્બન ડાયોકસાઇડનું ઉત્સર્જન કરશે એવી અપેક્ષા છે.

૧૧-ઈન્ફન્ટ્રી ડિવિઝનના ઓફિસર કમાન્ડીંગ ઈન-ચીફ, મેજર જનરલ સંજીવ શર્માએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મેજર જનરલ સંજીવ શર્માએ ગુજરાતના નવનિયુક્ત રાજયપાલશ્રીની સાથે આજે પ્રથમ મુલાકાત કરી હતી.